ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન		મહત્તમ	લઘુતમ
	અંકલેશ્વર	૩૭.૦° સે.	૨૦.૦° સે.
	બારડોલી	૩૭.૦° સે.	૧૯.૦° સે.
	ભરૂચ	૩૭.૦° સે.	૨૦.૦° સે.
	વ્યારા	૩૭.૦° સે.	૧૯.૦° સે.

ઓલપાડનાં ગામોમાં મેડિયા પ્રગટાવવાની પરંપરા જીવંત

સાંઘીએર, કોસમ સહિતનાં ગામના નાનાં ભૂલકાંએ શેરડી અને કોપરાની વાટીમાંથી બનાવેલું મેડિયું લઇ ઘરે-ઘરે દીવેલ પુરાવી દિવાળીના નારા લગાવ્યા.



સાયણ: ઓલપાડના કોસમ સહિત સાંઘીએર ગામના ગરાશ ફળિયા, વાવ ફળિયા અને પાટીદાર સમાજની વસતી ધરાવતા નવાપરાના રહીશોએ દિવાળીની સંધ્યાએ વર્ષોથી ચાલી આવેલી મેડિયા પ્રગટાવવાની જૂની પરંપરા આજે પણ જીવંત રાખી હતી. આ ઉત્સવમાં ગામના ભૂલકાં સાથે જોડાયેલી મહિલાઓએ દિવાળીની સંધ્યાએ મેડિયા પ્રગટાવી ઘરે ઘરે ઘૂમી દીવેલ પુરાવી દિવાળીના રંગીન નારા લગાવી આનંદ ઉત્સવ મનાવ્યો હતો.


ઓલપાડ તાલુકાની ગ્રામ્ય પ્રજાના યુવાનો બાપદાદાના સમયથી વારસામાં મળેલી હિન્દુ સંસ્કૃતિની અનેક પરંપરાઓ આજે પણ જીવંત રાખી હિન્દુ ધર્મને ઉજાગર રાખવામાં સફળ રહ્યા છે.આવી જ એક અનોખી ઉત્તમ પરંપરા ઓલપાડ તાલુકાના કોસમ અને સાંઘીએર ગામના ગરાશ ફળિયા, વાવ ફળિયા અને નવાપરા મહોલ્લામાં દિવાળી પર્વની મોડી સંધ્યાએ જીવંત જોવા મળી હતી. દિવાળીની મોડી સંધ્યાએ ગામનાં બે વર્ષથી શરૂ કરી ૧૦ વર્ષના બાળકો સાથે મહિલાઓ અને યુવા પેઢીના યુવક-યુવતીઓએ મેડિયા પ્રગટાવી ઘરે-ઘરે ઘૂમી રંગીન મિજાજમાં ગીત ગાવાની પરંપરા જીવંત રાખી હતી.

આ પ્રસંગે સાંઘીએરના ૯૨ વર્ષીય નિવૃત્ત પ્રોફેસર જયવંતભાઈ સુરતીએ કહ્યું કે, જૂની પેઢીના બાપદાદાઓની એક માન્યતા હતી કે, ઉજાસના પર્વ દિવાળીના સમયમાં મેડિયા પ્રગટાવી ઘરમાં તેનો પ્રકાશ ઉજાગર કરવાથી આખા વર્ષ દરમિયાન ઘરમાંથી કાયમી અંધકાર દૂર થાય છે અને ઘરના સભ્યો અંધશ્રદ્ધાઓથી દૂર રહે છે. ઉપરાંત ઘરનાં ભૂલકાં અને રહીશોને હઠીલા રોગો તેમજ તાવ-તળિયામાંથી કાયમી મુક્તિ અપાવવા તેમજ ઘરમાંથી કાયમી જીવજંતુઓની મુક્તિ માટે દિવાળીના દિવસે પ્રગટાવેલ મેડિયા ઘરમાં ફેરવવાથી આખા વર્ષ સુધી અસર જોવા મળે છે.

આ પ્રસંગે નાના બાલુડાં સંધેરા નામના ઝાડની સોટી અને શેરડીના ડાંડા વચ્ચે કોપરાની વાટી કે માટીની કુલડી ભેરવી તેમાં કપાસિયા પૂરી ઘી અને દીવેલનો દીપ પ્રગટાવી મેડિયું બનાવવામાં આવે છે. પ્રગટાવેલ આ મેડિયું નાના ભૂલકાં હાથમાં લઈ ઘરે-ઘરે ઘૂમે છે. આ સમયે ભૂલકાંના મમ્મી-પપ્પા સહિત યુવાનો પણ જોડાઈને 'આજ દિવાળી, કાલ દિવાળી, પંદર દહાડે દેવ દિવાળી, ઘરમાં છે પણ બોલતી નથી, દીવેલ છે પણ પૂરતી નથી, માંકડી ભેંસને માંકડો પાડો, માંજરી ભેંસને માંજરો પાડો, માણકી બહેનના મેરિયા...નું મજાનું રસપ્રદ ગીત ગાય છે. આ સમયે વડીલ મહિલાઓ મેડિયામાં દીવેલ પૂરી પ્રગટાવેલ મેડિયું ઘરમાં ફેરવી બાળકોને યથા યોગ્ય દક્ષિણા આપે છે. પરંતુ જ્યાં સુધી ઘરની વડીલ મહિલાઓ આ બાલુડાંને રોકડ રકમ ન આપે ત્યાં સુધી આ બાલુડાં સાથેની યુવા પેઢીના યુવકો અને યુવતીઓ શોર મચાવી જોરજોરથી તે વડીલ મહિલાનું નામ રસપ્રદ ગીત સાથે જોડી ગાવાનું ચૂકતા નથી. ત્યારબાદ પ્રગટાવેલ આ મેડિયાઓને ભૂલકાં અંધશ્રદ્ધા, હઠીલા રોગો અને તાવ- તળિયાને દૂર કરવા ગામની વાવ, મંદિર કે પાદર બહાર મૂકી દે છે. આ સમયે યુવા પેઢી આતશબાજી અને ફટાકડા ફોડી આનંદ માણે છે. ત્યારબાદ ભૂલકાંને મળેલી દક્ષિણામાંથી જોડાયેલ સૌ ગ્રામજનો આઈસક્રીમ-નાસ્તાની મોજ માણી આનંદ મનાવ્યા પછી જ ઘરે જઈ મિષ્ટાન સાથે ભોજનની મિજબાનીનો આનંદ લે છે.

અંકલેશ્વરમાં દિવાળીની રાત્રે હવા ઝેરી: AQI 1131 સુધી પહોંચ્યો

ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતોની અસર: દિવાળીની રાત્રે પ્રદૂષણ ગંભીર



ભરૂચ: દિવાળીની રાત્રે અંકલેશ્વર શહેર સહિત આસપાસનાં ગામોમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખતરનાક સ્તરે પહોંચી ગઈ હતી. રાત્રે 9 વાગ્યે AQI 205 હતો, જે મધરાત્રે વધીને 1131 સુધી પહોંચી ગયો હતો. આ સ્તર ખતરનાક (Hazardous) ગણાય છે અને તે સૌ માટે જોખમી છે. ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણનો મુદ્દો ગંભીર બન્યો છે. રહીશોએ દિવાળીના દિવસે મન મૂકીને આતશબાજી અને ફટાકડા ફોડતાં હવામાં પ્રદૂષણની સમસ્યા વધુ ગંભીર બની હતી. રાત્રે 9થી મધરાત્રે 12 વાગ્યા સુધી AQI ગંભીર માત્રામાં રહેતાં સૌ માટે જોખમ ઊભું થયું હતું. ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાં ચારેકોર ઔદ્યોગિક વસાહતો ફેલાયેલી છે, જે ગુણો સાથે અવગુણો પણ લઈને આવી છે. અંકલેશ્વર અને પાનોલી જેવા કેમિકલ ઝોન ઉદ્યોગોમાં શિયાળાની ઋતુમાં હવામાન પરિસ્થિતિઓ પ્રદૂષણને વધુ ગંભીર બનાવવાની શક્યતા રહે છે. સામાન્યપણે ઉદ્યોગોમાંથી નીકળતા ધુમાડા અને વાયુઓ હવામાં ભળી પવનમાં વિખેરાતા પ્રદૂષણ વધી શકે છે. આ સ્થિતિને કારણે શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા, ગળામાં ખંજવાળ અને હવાની ગુણવત્તામાં ઘટાડા જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે, જેને કોઈ રોકી શકે તેમ નથી. ઝેરી હવાથી શહેરીજનોના શ્વાસ અને આરોગ્યને મોટો ખતરો ઊભો થયો છે. અંકલેશ્વર સહિત આજુબાજુનાં ગામો માટે હવા પ્રદૂષણ જોખમકારક સ્થિતિનું નિર્માણ થયું છે. જોકે, સોમવારે સવારે AQIનો પારો ઘટીને 305 થઈ ગયો હતો, પરંતુ શિયાળાની ઋતુમાં ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ વધુ ગંભીર બનવાની ચેતવણી સંબંધિત તંત્રોએ ધ્યાનમાં લેવી જરૂરી છે.

ભરૂચ રેલવે સ્ટેશને ચોરીના સામાન સાથે બે ચોર ઝડપાયા

રૂ.૮.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો



ભરૂચ: ભરૂચ રેલવે સ્ટેશન પરથી RPF દ્વારા મુસાફરોની સુરક્ષાને ધ્યાને લઈને બે શંકાસ્પદ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. તેમની પાસેથી મોબાઈલો, ચાર વીંટી, એક મંગળસૂત્ર અને રોકડા મળી રૂ.૮.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ગત તા.7મી નવેમ્બરના રોજ વડોદરા ડિવિઝન સુરક્ષા નિયંત્રણ કક્ષ તરફથી માહિતી મળી હતી કે, ટ્રેન નંબર-22902 ઉદયપુર સિટી-બાંદ્રા ટર્મિનલ એક્સપ્રેસના એક કોચમાં બે શંકાસ્પદ વ્યક્તિ ફરી રહી છે. આ બાતમીના આધારે RPFની ટીમે સવારે નવ વાગ્યે ભરૂચ રેલવે સ્ટેશને પહોંચી કોચમાં તપાસ કરતા બંને શંકાસ્પદને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં તેમની ઓળખ દેવેન્દ્રસિંહ સિમરજીતસિંહ (ઉં.વ.25) (રહે.,આનંદપુર સાહિબ, જિ-રૂપનગર, પંજાબ) અને અમૃતપાલસિંહ ભૂપેન્દ્રસિંહ (ઉં.વ.24) (રહે.,વ્યાસ, જિ-અમૃતસર, પંજાબ) રાજ્ય તરીકે થઈ હતી.

સઘન પૂછપરછમાં બંનેએ કબૂલાત કરી હતી કે, અમે બંનેએ સુરતથી વડોદરા વચ્ચે બાંદ્રા-ભગત કી કોઠી એક્સપ્રેસમાંથી મહિલા મુસાફરની પર્સ ચોરી કરી હતી. તેમની મોડસ ઓપરેન્ડી એવી હતી કે ચોરી કર્યા બાદ પર્સ બાથરૂમમાં છોડી દીધા હોવાની પણ તેમણે કબૂલાત કરી હતી. તેમણે અલગ-અલગ ટ્રેનોમાં અન્ય સાત મોબાઈલ ફોન પણ ચોર્યા હતા.તેમની પાસેથી 10 મોબાઈલો, ચાર સંભવિત સોનાની વીંટી, એક મંગળસૂત્ર અને રોકડા રૂ.10,320 મળીને કુલ રૂ.8,80,320નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. તેમની પાસેથી તા.2જી નવેમ્બરની તારીખની હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશનની એક પ્લેટફોર્મ ટિકિટ પણ મળી આવી હતી. આ બાબતે વધુ કાર્યવાહી માટે બંને શખ્સને ભરૂચ GRPને સોંપવામાં આવ્યા છે.

પણદા નજીક પૂરઝડપે આવતી રિક્ષા પુલિયા નીચે ખાબકતાં 1નું મોત

૬૫ વર્ષીય વૃદ્ધનું કરુણ મોત, પુત્રી અને દોહિત્રનો આબાદ બચાવ



બારડોલી: બારડોલી-માંડવી રોડ પર પણદામાં પૂરઝડપે દોડતી એક પેસેન્જર રિક્ષાના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં રિક્ષા પુલિયા નીચે પલટી ખાઈ ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં રિક્ષામાં સવાર ૬૫ વર્ષીય વૃદ્ધનું ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પુત્રી અને ૯ વર્ષના દોહિત્ર સહિત અન્ય મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. દિવાળીના તહેવાર નિમિત્તે પિયર જવા નીકળેલા પરિવારને રસ્તામાં જ કાળ ભેટી જતા અરેરાટી વ્યાપી ગઈ છે.

મૂળ બારડોલીના રાયમ ગામે રહેતા કાળીદાસભાઈ હળપતિ (ઉં.વ.૬૫) ગત રવિવાર, ૮ નવેમ્બરના રોજ દિવાળીનો તહેવાર હોવાથી તેમની પુત્રી મૂળ સોનગઢ અને હાલ બારડોલીના ગાંધી રોડ પર આવેલ વી.કે.ટાવરમાં રહેતા તેમના પુત્રી ભાવનાબેન મયૂરભાઈ લગડ (ઉં.વ.૩૨) અને દોહિત્ર પ્રથમ (ઉં.વ.૯)ને લઈને રિક્ષામાં બેસી રાયમ જવા માટે નીકળ્યા હતા. બપોરે ચારેક વાગ્યાના સુમારે તેઓ બારડોલીના જૂના બસ સ્ટેન્ડથી રિક્ષા સ્ટેન્ડ ખાતે ગયા હતા અને ત્યાંથી GJ- 19-T-5593 નંબરની ઓટો રિક્ષામાં બેસીને રાયમ જવા નીકળ્યા હતા. આ રિક્ષામાં તેમની સાથે તેમના જ ગામના સંજયભાઈ અને અન્ય બે પેસેન્જર પણ સવાર હતા.

રિક્ષા બારડોલીથી અસ્તાન થઈને માંડવી રોડ પર પણદા ગામની સીમમાંથી પસાર થઈ રહી હતી, તે દરમિયાન રિક્ષા ચાલકે પૂરઝડપે હંકારીને સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે રિક્ષા સીધી પુલિયા નીચે ખાબકીને પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કાળીદાસભાઈને જમણા થાપા, નાક અને ડાબા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ભાવનાબેન અને પ્રથમને પગમાં મૂઢ માર વાગ્યો હતો. અન્ય મુસાફરોને પણ વત્તાઓછા અંશે ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગામની એક ઈકો ગાડીમાં બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ઈમરજન્સી વોર્ડમાં સારવાર દરમિયાન સાંજે આશરે ૬:૩૦ વાગ્યે ફરજ પરના તબીબે કાળીદાસભાઈને મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર ઘટના અંગે મૃતકની પુત્રી ભાવનાબેને બારડોલી રૂરલ પોલીસ મથકમાં અકસ્માત સર્જનાર ઓટો રિક્ષાના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ આશિકકુમાર કરસનભાઈ ચૌધરીને વધુ તપાસ સોંપી કાર્યવાહી હાથ ધરી છે.

પલસાણામાં વાહનની ટક્કરથી ટેમ્પો નહેરમાં ખાબક્યો, ચાલકનું મોત

અકસ્માત સર્જીને અજાણ્યો ચાલક વાહન લઈ ફરાર થઈ ગયો

પલસાણા: પલસાણાના સાંકીથી ચલથાણ ગામ તરફ જતા નહેરવાળા રોડ પર મોડી રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. એક અજાણ્યા વાહન ચાલકે ટાટા ઈન્ટ્રા ટેમ્પોને પાછળથી જોરદાર ટક્કર મારતા ટેમ્પો નહેરમાં પલટી ખાઈ ગયો હતો. આ ઘટનામાં ટેમ્પો ચાલક યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે.

તાતીથૈયા ગામની સારથી ટાઉનશિપમાં રહેતા અને મૂળ રાજસ્થાનના સિકરના વતની ગજેન્દ્ર મહાવીરપ્રસાદ બીજારનીયા (ઉં.વ.૨૮)એ કડોદરા G.I.D.C. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગજેન્દ્રભાઈના મોટા ભાઈ મનોહર મહાવીરપ્રસાદ બીજારનીયા (ઉં.વ.૩૦) ગત તા.૭/૧૧/૨૦૨૬ની રાત્રિના સાડા અગિયારથી તા.૮/૧૧/૨૦૨૬ના સાડા બાર વાગ્યાના અરસામાં પોતાનો ટાટા ઈન્ટ્રા ટેમ્પો નં.(GJ-19-Z-1571) લઈને સાંકીથી ચલથાણ ગામ તરફ જતા નહેરવાળા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે પાછળથી પૂરઝડપે રીતે આવતા એક અજાણ્યા વાહન ચાલકે હંકારી લાવી મનોહરભાઈના ટેમ્પોને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે ટેમ્પો સીધો નહેરમાં પલટી ખાઈ ગયો હતો. આ ગોઝારા અકસ્માતમાં મનોહરભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાદ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક વાહન લઈ ફરાર થઈ ગયો હતો.

આ ઘટના અંગે મૃતકના ભાઈ ગજેન્દ્ર બીજારનીયાએ પોલીસનો સંપર્ક કર્યો હતો. કડોદરા G.I.D.C. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

વડદલામાં પરપ્રાંતીય શખ્સ દેશી તમંચા સાથે ઝડપાયો

ભરૂચ: દહેજ પોલીસ સ્ટેશન વિસ્તારના વડદલા ગામ પાસે મેહાલી ચોકડી ખાતેથી પોલીસે એક શખ્સને દેશી હાથ બનાવટનો તમંચો અને જીવતું કારતૂસ સાથે ઝડપી પાડ્યો છે. આ અંગે દહેજ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

દહેજ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ઝાલાની ટીમને બાતમી મળી હતી કે, વડદલા ગામ પાસે મેહાલી ચોકડી નજીક એક ઈસમ પેન્ટના નેફામાં હથિયાર લઈને ફરી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતાં એક શખ્સ ઝડપી પાડ્યો હતો.

જેની ઓળખ ગૌતમકુમાર તારકેશ્વર મંડલ (રહે.,મકાન નં-૭, સેન્ટ્રોસા સોસાયટી-૧, વડદલા, મૂળ રહે.,બિહાર) વતનની આપી હતી. તપાસ કરતાં તેની પાસેથી દેશી હાથ બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) કિંમત અંદાજે રૂ.૧૦,૦૦૦ અને એક જીવતું કારતૂસ કિંમત અંદાજે રૂ.૧૦૦ મળી કુલ રૂ.૧૦,૧૦૦ની મતાનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

ઘી કડોદરા વિભાગ નાગરીક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ.
"સહકાર ભવન" સાંઇ આર્શીવાદ કોમ્પ્લેક્ષ, કડોદરા-બારડોલી રોડ, કડોદરા તા.પલસાણા, જી. સુરત. મો.નં.૯૦૨૩૩-૩૫૮૧૮
મંડળીના તમામ સભાસદો-ગ્રાહકોને નવા વર્ષમાં નુતન વર્ષ અભિનંદન અને શુભ કામના-શુભેચ્છા...
જયેશ ડી.પટેલ (મેનેજર) | શ્રી નવીનચંદ્ર બી.પટેલ (વાઇસ ચેરમેનશ્રી) | શ્રી ધર્મેશભાઇ વી. દેસાઇ (ચેરમેનશ્રી)
તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રી તથા કર્મચારી-ગણ
નોંધ:- કે.વાય.સી. (K.Y.C) નિયમ મુજબ સભાસદોએ પોતાના ઓળખાણ માટે આધારકાર્ડ મંડળીમાં જમા કરાવવો ફરજીયાત છે.

Happy Diwali & Prosperous New Year
Aarti Industries Limited
Jhagadia Plant: Plot No. 758/1,2&3, GIDC, Jhagadia, Dist. Bharuch.
Dahej Plant: Plot no. Z/103/H, Dahej SEZ Part-II, P.O. Lakhigam, Taluka. Vagra, Dist. Bharuch, Gujarat

Milano MULTIPLEX
બારડોલી
Ramayana : Part 1
10:00am, 11:00am, 01:00pm, 02:00pm, 03:00pm, 05:00pm, 06:00pm, 08:00pm, 09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

KANSAI PAINT
NEROLAC
Happy Diwali & Prosperous new year
With best Complements
KANSAI NEROLAC PAINTS LIMITED
PLOT NO. C-385, C-386, ARGAMA CHEMICAL ZONE, SAYAKHA INDUSTRIAL ESTATE, TA. VAGRA, DIST. BHARUCH

માંગરોળના સમુસર નજીક બિરયાની મુદ્દે આતંક મચાવનારા સામે પોલીસ ફરિયાદ

હથોડા: માંગરોળના સમુસર ગામ નજીક આવેલી આયત બિરયાની નામની દુકાને બિરયાની ખાવા ગયેલા યુવાનોએ બિરયાની નહીં મળતા કાયદો હાથમાં લઈને બાબર ઉર્ફે અશ્વિન સૂકા વસાવા તથા તેના સાગરીતોએ ગાળો આપી દુકાન સંચાલક ફૈઝલ નાસિર ખાન પઠાણને ઢોર માર મારી આતંક મચાવ્યો હતો. દુકાન સંચાલક ફૈજલ ખાન પઠાણને માથા અને શરીરે ઇજા થતાં પ્રથમ ખાનગી હોસ્પિટલ અને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. આ બનાવ અંગે પાલોદ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યાં છે.

મંદિરમાં ચોરી કરી મોજશોખમાં રૂપિયા ઉડાવનારા ત્રણ ઝડપાયા

સુરાલી ગામે ગણેશ મંદિરની દાનપેટીમાં ચોરીનો ભેદ ખૂલ્યો



બારડોલી: બારડોલી રૂરલ પોલીસે સુરાલી ગામ ના ગણેશ મંદિરની દાનપેટીમાં થી ચોરી કરનારા ત્રણ આરોપી ઓને માણેકપોર નેશનલ હાઈવે પર૩ પાસેથી ઝડપી પાડ્યા હતા.

બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એન.જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ વોચમાં હતી. આ દરમિયાન એ.એસ.આઈ રિતેશકુમાર અને કોન્સ્ટેબલ વિજયભાઈને સંયુક્ત રીતે ખાનગી બાતમી મળી હતી કે, દાનપેટીમાંથી ચોરી કરનારા ઈસમો મોટરસાઈકલ પર બારડોલી તરફ જઈ રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે માણેકપોર ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવીને નવસારીના વિજલપોર વિસ્તારમાં રહેતા ત્રણ ઈસમ અલ્પેશ ભાવલાલ પાટીલ (ઉં.વ.૨૬), અંકેશ જયભારત શર્મા (ઉં.વ.૩૦) અને વિશાલ સુભાષ શિરસાઠ (ઉં.વ.૩૧) ને ઝડપી લીધા હતા. પોલીસે આ આરોપીઓ પાસેથી રૂ.૫૦,૦૦૦ની કિંમતની હીરો સ્પ્લે ન્ડર પ્લસ મોટરસાઈકલ નં.(GJ 21DD7644), રૂ.૧૬,૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન, દાનપેટીમાંથી ચોરાયેલા રોકડા રૂ.૩,૪૫૦ અને એક લોખંડનો સળિયો મળીને કુલ રૂ.૬૯,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓ દિવસે અલગ અલગ વિસ્તારોમાં રેકી કરીને જે મંદિરમાં કોઈ હાજર ન હોય ત્યાં દરવાજો ખોલી, દાનપેટીનું તાળું તોડીને રૂપિયાની ચોરી કરતા હતા અને પોતાના મોજશોખ માટે આ રૂપિયા વાપરી નાંખવાની ટેવવાળા છે. આરોપીઓ પૈકી વિશાલ સુભાષ શિરસાઠ અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે બીલીમોરા, નવસારી ટાઉન, જલાલપોર અને વિજલપોર પોલીસ સ્ટેશનમાં ચોરી, ટ્રાફિક નિયમ ભંગ અને પ્રોહિબિશન હેઠળ કુલ છ જેટલા ગુના નોંધાયેલા છે. બારડોલી રૂરલ પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦
+(GST)

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે-વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12683)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ગોવા, , મહાબળેશ્વર
6 દિવસ તા. 11, 17 નવેમ્બર, સારંગપુર વીરપુર, સોમનાથ, દીવ, દ્વારકા 3 દિવસ. સફેદરણ, કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ દિવસ- 3 તા. 11, 15, 21 નવેમ્બર, 11 ડિસેમ્બર- અડાજણ. જયેશભટ્ટ: 9909888622 (12682)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184. (12512)

મહાદેવ ટુર
એન્ડ ટ્રાવેલ્સ. (અષ્ટવિનાયક, દગડુશેઠ), (ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, ઈલોરા), (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (જગન્નાથપુરી, કાશી, બૈધનાથ) (મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ) (હરિદ્વાર, વૃંદાવન, ખાટુશ્યામ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, બગલામુખી) (દ્વારકા, સોમનાથ, વિરપુર, સાળંગપુર) (શિરડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (શામળાજી, અંબાજી, ઉંઝા, મોઢેરા, ચોટીલા) (મહાબળેશ્વર, લોનાવલા) (સફેદરણ) (Daily Service Booking) (ગાડી ભાડે મળશે) (સ્કૂલ પીકનીક) 9998653276 (408)

WANTED નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
12 કલાક, 8 કલાક માટે અલથાણ, વેસુ, પીપલોદ એરીયામાં Mo. 8511311422

જોઈએ છે
ટર્નર, ફીટર, ડ્રીલમેન, હેલ્પર, સચીન એરીયા માટે Mo. 9925144406 (12684)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.